# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૪/ક્વા-૩/૧૯-૨૦/૮૨૧-૪૪** તા.૦૬-૦૨-૨૦૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૪૪/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **છગનભાઈ હરીભાઈ જાદવ** ગામ: **રાજકોટ** **સબડીવીઝન** : લક્ષ્મીનગર - **રાજકોટ**
રજૂઆત કરનાર: **અરજદાર છગનભાઈ હરીભાઈ જાદવ હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી રાજકોટ શહેર-૨
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એન. ડી. રૂઘાણી અને ડી. કે. માધવાચાર્ય (DY.S.A.)
પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૨**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૯-૦૧-૨૦૨૦ (બુધવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૯-૦૧-૨૦૨૦ (બુધવાર )ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર છગનભાઈ હરીભાઈ જાદવ ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૪૪/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓ ગ્રાહક નં. –૮૭૬૦૧/૦૩૬૦૬/૫ થી ઘરવપરાશ વીજજોડાણ લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. તેઓએ ૦૫ કીવો નુ સોલાર સીસ્ટમ લગાડેલ છે. સદર વીજ મીટરનો ડિસ્પલે ફોલ્ટી થતા – વીજ મીટર બદલી આપેલ – સોલાર મીટર ચાલુ હતુ – નવુ મીટર બદલવા છતા – નવા મીટર ના રીડીંગ મુજબ આપવાને બદલે છેલ્લા મીટર નુ રીડીંગ ૫૩૦ સરેરાશ મુજબ – ૦૨ બીલ આપેલ છે. સદર બાબતે વારંવાર ઓફિસમાં રજુઆત કરવા છતા – મીટર ના રીડીંગ મુજબ બીલ અપાયેલ ન હોય– અને સોલાર ના યુનીટ ની રકમ જમા અપાયેલ ન હોય – જેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- ગ્રાહક શ્રી છગનભાઈ હરીભાઈ જાદવ, વિજ ગ્રાહક નંબર – ૮૭૬૦૧૦૩૬૦૬૫, જે 03 કિલોવોટનું રહેણાંક કેટેગરી નું વિજ કનેક્શન ધરાવે છે. તેઓ સોલાર કનેક્શન ધરાવે છે જેના દ્વારા સોલાર એગ્રીમેન્ટ તા.૨૦.૧૨.૨૦૧૮ ના રોજ કરેલ છે.

3.૧ ઉપરોક્ત ગ્રાહક નું બાયડાયરેકશનલ મીટર નું ડિસ્પ્લે બંધ થતા લક્ષ્મી નગર પેટા વિભાગીય કચેરી દ્વારા ઓગસ્ટ – સપ્ટેમ્બર' ૨૦૧૯ નું બીલ F યુનિટ ૫૩૦ તરીકે આપેલ છે. જયારે તેમનું અગાઉ નું બીલ જુન- જુલાઈ ૨૦૧૯ નું ગ્રાહક નું ઘર બંધ હોવાથી L લોક નું બીલ ૫૩૦ યુનિટ નું આપવામાં આવેલ હતું તેમજ ઓકટોબર-નવેમ્બર' ૨૦૧૯ નું બિલીંગ વખતે ગ્રાહક નું મીટર બદલી ગયેલ હોય તે પ્રમાણે આપેલ છે. ગ્રાહક ને અપાયેલ એવરેજ યુનિટ સ્થળ પર સોલાર કનેક્શન લાગેલ તે પહેલા ગ્રાહક ની જે સરેરાશ વપરાશ હતી તે પ્રમાણે આપેલ છે.

3.૨ ગ્રાહક નું બાયડાયરેકસનલ મીટર ગ્રાહક ની અરજી ના આધારે તા. ૨૩.૧૦.૨૦૧૯ ના રોજ બદલાવવા માં આવેલ હતું. ઉપરોક્ત મીટર ની લેબ તારીખ ૦૮.૧૧.૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ હતું. લેબ રીપોર્ટ માં ઉપરોક્ત મીટર નો ડિસ્પ્લે બંધ છે અને મીટર ફોલ્ટી થયેલ છે તેવું લેબ પરીક્ષણ માં દર્શાવેલ છે.

ઉપરોક્ત ગ્રાહક ને આપવામાં આવેલ બીલો કંપની ના નિયમ મુજબ હોઈ તેમજ સપ્લાય કોડ માં તેમજ સોલાર રીલેટેડ અન્ય સરકયુલર માં આ અંગે કોઈ જોગવાઈ ન હોય ગ્રાહક ને આપવામાં આવેલ બીલો કંપની ના નિયમ મુજબ અપાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર શ્રી છગનભાઈ હરીભાઈ જાદવ, વિજ ગ્રાહક નંબર – ૮૭૬૦૧૦૩૬૦૬૫, જે 03 કિલોવોટનું રહેણાંક કેટેગરી નું વિજ કનેક્શન ધરાવે છે. સદર વીજજોડાણમાં સોલાર રૂફટોપ સીસ્ટમ ૫ કિલોવોટ ની ધરાવે છે. સદર જોડાણનું સોલાર એગ્રીમેન્ટ તા.૨૦.૧૨.૨૦૧૮ ના રોજ કરેલ છે.

૪.૨ મીટર રીડર દ્વારા તા. 30.૦૯.૨૦૧૯ ના રોજ મીટરનો ડિસ્પ્લે બંધ હોય સરેરાશ ૫૩૦ યુનિટ મુજબ વીજ બીલ આપવામાં આવેલ છે તેમજ વીજબિલમાં મીટર ફોલ્ટ ની નોંધ બતાવેલ છે. જે અનુસંધાને પેટાવિભાગીય કચેરી દ્વારા મીટર રીપ્લેસમેન્ટ શીટ નં. આરસીસી ૬૭૫૪૧૨ તા.૨૩.૧૦.૨૦૧૯ ના રોજ સદર મીટર અરજદાર ની હાજરીમાં બદલાવેલ જેમાં ડિસ્પ્લે બંધ બતાવેલ છે. સદર મીટરનું તા. ૦૮.૧૧.૨૦૧૯ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં અરજદારના પ્રતિનિધિની હાજરીમાં પરીક્ષણ કરવામાં આવેલ જેના રીપોર્ટ મુજબ *મીટર નો-લોડમાં ફોલ્ટ છે* તેમજ એમ.આર.આઈ. લીધેલ છે તે મુજબ નીચે મુજબ પેરામીટર જોવા મળેલ છે.

**Meter** Make-Radiant -Sr No. PGBSP 001848

**Date**: 08/11/2019 **Time** -11:00:00, RTC-OK, DATA-OK,

**Instantaneous values** Voltage 0.0 Current-3.024 KW-0.725 PF-1.00 Frequency-50.1

**Cumulative Energies**: KWH Import-3292.04 KWH Export 3831.08

૪.૩ પીજીવીસીએલ દ્વારા અરજદારને અપાયેલ વિજબીલની વિગત નીચે મુજબ છે. તેમજ અરજદારને વીજ બીલ ઓગ-સપ્ટે-૧૯ અને ઓકટો.નવે.-૧૯ તેમજ ડિસે.જાન્યુ-૨૦ ના આપેલા વીજ વપરાશના બીલો રદ કરીને સવાલવાળા બાયડાયરેકશન મીટરમાં તેમજ સદર મીટર બદલ્યા બાદ નવા મીટરમાં નોંધાયેલ વીજ યુનિટ નીચે મુજબ રીવાઈઝ આપવામાં જોઈએ .

| બિલીંગ માસ | બીલ તા. | ઈમ્પોર્ટ KWH | એક્ષ્પોર્ટ KWH | **Net Billing Unit-KWH** | **To be Revised Net Billing Unit-KWH** |
|---|---|---|---|---|---|
| એપ્રિલ મે -૧૯ | ૩૧.૦૫.૧૯ | (૧૬૯૧-૫૬૯)<br>૧૧૨૨ | (૨૭૨૪-૧૫૬૦)<br>૧૧૬૪ | (૧૧૬૪ -૧૧૨૨)<br>૪૨(EXP) | ********** |
| જુન જુલા -૧૯ | ૨૬.૦૭.૧૯ | (૨૮૧૧-૧૬૯૧)<br>૧૧૨૦ | (૩૪૭૭- ૨૭૨૪)<br>૭૫૩ | (૧૧૨૦ - ૭૫૩)<br>૩૬૭(IMP) | ********** |
| ઓગ.સપ્ટે-૧૯<br>(મીટર સ્થિતિ “”) | ૩૦.૦૯.૧૯ | (૨૮૧૧- ૨૮૧૧)<br>૦ | (૩૪૭૭- ૩૪૭૭)<br>૦ | સરેરાશ<br>૫૩૦(IMP) | ૧૨૭ KWH (IMP) |
| મીટર બદલ્યા તારીખ | ૨૩.૧૦.૧૯ | (૩૨૯૨-૨૮૧૧ )<br>૪૮૧ | (૩૮૩૧-૩૪૭૭)<br>૩૫૪ | (૪૮૧-૩૫૪)<br>૧૨૭ (IMP) | |
| ઓકટો.નવે.૧૯ | ૦૨.૧૨.૧૯ | (૧-૧) | (૧-૧) | ૦ | ઈમ્પોર્ટ KWH (૩૨૫ - ૧ ) =૩૨૪<br>એક્ષ્પોર્ટ KWH (૫૩૮- ૧ ) =૫૩૭<br>નેટ KWH = (૫૩૭-૩૨૪) =૨૧૩(EXP) |
| ડિસે.જાન્યુ .૨૦ | ૦૧.૦૨.૨૦ | (૬૫૩-૧)<br>૬૫૨ | (૧૪૨૦.-૧)<br>૧૪૧૯ | (૧૪૧૯-૬૫૨)<br>૭૬૭ (EXP) | ઈમ્પોર્ટ KWH (૬૫૩-૩૨૫) =૩૨૮<br>એક્ષ્પોર્ટ KWH(૧૪૨૦– ૫૩૮)=૮૮૨<br>નેટ KWH =(૮૮૨ -૩૨૮)=૫૫૪(EXP) |

૪.૪ સદર કેઈસ માં ઉપરોક્ત મુદ્દા નં.૪.૩ મુજબ સવાલવાળા બાયડાયરેકશન મીટર ના લેબ રીપોર્ટ મુજબ પ્રાપ્ય થયેલ રીડીગ અને નવા મીટરમાં નોંધાયેલ રીડીંગ મુજબ અરજદારને અપાયેલ વીજ બીલ ઓગ-સપ્ટે-૧૯ - ઓકટો.નવે.-૧૯ તેમજ ડિસે.જાન્યુ-૨૦ નીચે પ્રમાણે રીવાઈઝ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| બિલીંગ માસ | **રીવાઈઝ નેટ બિલીંગ યુનિટ KWH** |
|---|---|
| ઓગ.સપ્ટે-૧૯ | ૧૨૭ KWH(IMP) |
| ઓકટો.નવે.૧૯ | ૨૧૩ KWH (EXP) |
| ડિસે.જાન્યુ .૨૦ | ૫૫૪ KWH (EXP) |

૪.૫ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૪.૪ મુજબ ની વિગતે આદેશ આપવામા આવે છે અને થયેલ કાર્યવાહી નો રીપોર્ટ ફોરમ ને દિન–૩૦ મા આપવા સામેવાળાને જણાવવામા આવે છે.

૪.૯ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯